**તમામ પાર્ટીના ઉમેદવારે અને અપક્ષ ઉમેદવારો પોતાની જીતના દાવા કરી રહ્યાં છે**

# આજે દાહોદ પોલીટેકનીક કોલેજ ખાતે કડક સુરક્ષા વચ્ચે સવારે આઠ વાગ્યા થી મત ગણતરી શરૂ કરાશે

**દાહોદ નગરપાલિકા ચૂંટણી-૨૦૨૬ હેઠળ મતદાનની પ્રક્રિયા સંપન્ન થઈ ચુકી છે અને આવતી કાલે મતગણતરી શરૂ કરવામાં આવશે**

(પ્રતિનિધિ) દાહોદ, તા.28

દાહોદ નગર પાલિકા મત વિસ્તારમાં આમે કુલ ૯ વોર્ડની ચૂંટણી માટે કુલ ૫૬ મતદાન મથકો ખાતે ૩૯૨ પોલિંગ સ્ટાફ સાથે મતદાન થયુ હતું તમામ ૯ વોર્ડની ૩૬ બેઠકો પૈકી ઈસ્તિયાક સૈયદ, મીનાક્ષી નીનામા, દર્શિત દિવાકર, જેરિકા ચૌહાણ, ગીતાબેન રાઠોડ-માળી, સોનલ પરમાર (તમામ ભાજપ) અને એહમદ ચાંદ(કોંગ્રેસ) એ મુજબ ૬ ભાજપ અને ૧ કોંગ્રેસ મળી કુલ ૭ બેઠકો બિનહરીફ થયેલી છે. તે સિવાયની અન્ય ૨૯ બેઠકો માટે રવિવારે ૭૭ ઉમેદવારો વચ્ચે ચૂંટણીજંગ ખેલાઈ ગયો છે ને ગણતરી થતાં તે ૭૭ પૈકીના ૪૮ દાવેદારો બહાર થઈ જશે અને વિજેતા નિવડનાર ૨૯ માટે મંગળવાર, મંગળ નિવડશે ૨, ૨૦૨૬ની આ ચૂંટણીમાં ૩૩,૮૦૫ પુરુષ અને ૩૨,૯૭૨ સ્ત્રી મળી કુલ ૬૬,૭૭૭ મતદારો નોંધાયા છે. ૩, દાહોદના ઈતિહાસ ની વાત કરીએ તો ૧૫૦ વર્ષ પૂર્વે ઈ.સ.૧૮૭૫-'૭૬ માં સ્થપાયેલ દાહોદ નગર પાલિકામાં તેના સ્થાપના કાળથી ૪૫ વર્ષ લગી એટલે કે ૧૯૨૦-'૨૧ સુધી ચૂંટણી થતી જ ન હતી!

આરંભે જે તે વોર્ડના પ્રજાહિત ધરાવતા ૮ અને પછી ક્રમશઃ ૨૧ જેટલાં સારા નાગરિકોને મતદાન કરી મોકલવા બદલે કાઉન્સિલર (અલબત્ત, તે સમયે નગરસેવકો માટે 'કમિશ્નર' શબ્દ હતો.) તરીકે સીધેસીધા પસંદ કરી મોકલાતા હતા.

આજથી ૧૦૪ વર્ષ અગાઉ ઈ.સ.૧૯૨૨માં દાહોદ નગરપાલિકા માટે પહેલ વહેલી ચૂંટણી યોજાઈ અને એ વખતે પણ પક્ષાપક્ષીથી પર રહી લોકહિત ધરાવતા પસંદીદા લોકોએ જ ઉમેદવારી કરેલી. એ પ્રક્રિયા અંતર્ગત જીતેલાં ૨૪ નગરસેવકોએ દાહોદ પાલિકાની ધુરા સંભાળી હતી. પારસી બાબા માણેકજી ફરદુનજી કોન્ટ્રાકટર અને ઉપપ્રમુખ તરીકે મગનલાલ મનસુખલાલ શેઠ સર્વાનુમતે બિરાજેલા. ૧૯૨૨ થી ૧૯૩૩ ના ૧૧ વર્ષ સુધી માણેકજી કોન્ટ્રાકટર પાલિકા પ્રમુખ તરીકે રહેલા જે કીર્તિમાન આજપર્યંત કોઈ તોડી શક્યું નથી. ૬, ક્રમશઃ કાઉન્સિલરની સંખ્યા વધતી વધતી ૨૫ થઈ. ૧૯૯૫ ની ચૂંટણી વખતે ૧૨ વોર્ડ અને ૩૫ કાઉન્સિલર થયાં. બાદમાં ૨૦૦૫ ની ચૂંટણીમાં દાહોદના ૧૨ વોર્ડ અને ૩૬ કાઉન્સિલર થયાં. તેમાં પણ છેલ્લે ૨૦૧૫ માં નવા સીમાંકન બાદ ૯ વોર્ડ અને ૩૬ કાઉન્સિલર નિર્ધારિત થયાં. ૨૦૨૧ ની ચૂંટણીમાં સ્ત્રી - પુરુષ સિવાયના અન્ય મતદાર તરીકે ૪ થર્ડ જેન્ડર પણ નોંધાયેલા તે ઉલ્લેખનીય છે.

૨૦૧૦ માં ૬૧.૮૫ % મતદાન નોંધાયું હતું. ૨૦૧૫ માં સ્થાનિક મુદ્દાઓ અને રસાકસીને કારણે મતદાનમાં ઉછાળો જોવા મળતા ૬૪.૧૨ % મતદાન નોંધાયું હતું તો કોરોનાકાળ પછીની ૨૦૨૧ની ચૂંટણીમાં ૫૬.૭૦% મતદાન નોંધાયું હતું. તો હાલમાં ૨૦૨૬ ની ચૂંટણીમાં કાળઝાળ ગરમી વચ્ચે પણ ૬૫.૭૦% મતદાન નોંધાયું હતું.

**ફરિયાદીએ પેઢીના પ્રોપ્રાઇટર હોવાનો કોઇ પુરાવો રજુ નહી કરી શક્યા**

# 4 લાખના ચેક રિટર્ન કેસમાં વડોદરા કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.2

ડેસર તાલુકાના છાલિયેર ગામના જલા ટ્રેડર્સ ના નામે વેપાર કરતા રાજેશકુમાર હસમુખલાલ ઠક્કરે રાયપુરા પો. છાલીયેરના કનુભાઈ વિહાભાઈ દેસાઈને કલ્પેશભાઈ નામના વ્યક્તિ કે જેઓ બન્નેના મિત્ર થતા હોય મિત્રતા ના સંબધો હોય આરોપીને ભેંસો ખરીદવા માટે જુલાઈ 2022 માં પૈસાની જરૂર પડતા વધુમાં આરોપી 2022 ના દિવાળીમાં નિવૃત થનાર હોય દિવાળી પર ચૂકવવાના વાયડે રૂ 4 લાખ ઉછીના આપ્યા હતા. આરોપીએ રૂ 4 લાખનો ચેક તા ૧૧/૧૦/૨૩ ના રોજ નો એસબીઆઈ ડેસર બ્રાંચ નો આપ્યો હતો જે ચેક ફરિયાદીએ પોતાની ગુજરાત ગ્રામીણ બેંક છાણી શાખા મા જમા કરાવતા બેંકે એક્સીડ એરેજમેન્ટના શેરા સાથે રિટર્ન થયો હતો જે બાદ નોટિસ આપ્યા બાદ વડોદરાના ૨૭ મા એડી ચીફ જ્યુ મેજિસ્ટ્રેટ સમક્ષ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી જે કેસમાં આરોપી તરફે એડવોકેટ જે બી જોશી હાજર રહ્યા હતા.

આરોપી તરફે એડવોકેટ જે બી જોશીએ ફરિયાદીની ઊલટ તપાસમાં મહત્વની હકીકત બહાર લાવી હતી કે ચેક શ્રી જલા ટ્રેડર્સ ના નામે છે ફરિયાદીના નામે નથી તેમજ ફરિયાદી રાજેશકુમાર હસમુખલાલ ઠક્કરે પોતે શ્રી જલા ટ્રેડર્સ ના પ્રોપ્રાઈટર હોવા અંગેનો કોઈ પુરાવો રજૂ કર્યો નથી. જેથી એપેક્ષ કોર્ટ ના વિવિધ ચુકાદા તેમજ ફરિયાદી નો ચેક હોલ્ડર્સ ઈન ડ્યુ કોર્સ હોવાનું માની શકાય નહી તેવું ઠરાવી વધુમાં આરોપી તરફે એડવોકેટ જે બી જોશીએ સુપ્રીમ કોર્ટના રજુ કરેલ મિલિન્દ શ્રીપાદ ચંદુરકર વી કલીમ એમ ખાન ના ચુકાદાને ધ્યાને લઈને વડોદરાના ૨૭ મા એડી ચીફ જ્યુ મેજિસ્ટ્રેટ એમ બી મહેતાએ ફરિયાદી પોતાનો કેસ નિઃશંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયા હોય આરોપી કનુભાઈ વિહાભાઈ દેસાઈ ને નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો આદેશ આપ્યો છે.

# જબુગામમાં તળાવમાંથી વધુ પડતી માટી ખોદતા પ્રજાપતિ સમાજ તથા ખેડૂતોનો ઉગ્ર વિરોધ

(પ્રતિનિધિ) બોડેલી , તા.27

છોટાઉદેપુર જિલ્લામાં આવેલ બોડેલી તાલુકાના જબુગામ ખાતે સુજલામ સુફલામ યોજના અંતર્ગત તળાવમાંથી માટી ખોદવામાં આવી રહી છે જ્યારે સમગ્ર મામલે પ્રાપ્ત માહિતી અનુસાર પ્રજાપતિ સમાજ એ માટી માટલા બનાવવા માટે ઉપયોગ કરતો હોય છે અને માટલા બનાવી તેઓ પોતાનો ગુજરાન ચલાવતા હોય છે ત્યારે રાત દિવસ ચાલતા માટી ખોદકામ થી વધુ પડતી માટી ખોદીને નેશનલ હાઈવે ઓથોરિટી ના કોન્ટ્રાક્ટર દ્વારા લઈ જવામાં આવેલ હોવાનું સ્થાનિકો દ્વારા જાણવા મળ્યું છે જેને લઇ સ્થાનિકોમાં ઉગ્ર વિરોધ જોવા મળી રહ્યો છે આજે પ્રજાપતિ સમાજ તથા આસપાસના ખેડૂતોને આ વધુ પડતી માટી ખોદકામ થી ભારે નુકસાની નો સામનો કરવો પડી રહ્યો છે ખેડૂતોનું એવું કહેવું છે કે તળાવ



વધુ પડતું ઊંડું થતા ત્યાં પાણીનો સ્તર કુવામાંથી નીચે જતું રહેશે અને પ્રજાપતિ સમાજને તો માટી જ ન મળતા તેઓ પોતાનું ગુજરાન કઈ રીતે ચલાવશે એ મૂંઝવણમાં છે અને ખાસ કરીને ચર્ચા નો વિષય છે કે આ માટી ભરીને ભાવધારી વાહનો દ્વારા લઈ જવામાં આવે છે જેને લઇ રેલ્વે ફાટકની બાજુમાં આવેલ નાળું પણ જોખમી બન્યું છે જો એ નાળુ તૂટી જાય તો ખેડૂતો માટે સંકટ રૂપ સાબિત થાય એમ છે જેથી કરીને સ્થાનિકો દ્વારા માટી ખોદકામ કરતા કોન્ટ્રાક્ટરને અટકાવી દેવામાં આવ્યો હતો અને અનેક સવાલો પૂછવામાં આવ્યા હતા. આ માટી ખોદીને તળાવની બહાર પાડી કરવા માટે કાં તો પછી ગામના ખેડૂતોને ઉપયોગમાં લેવા માટે હોઈ શકે છે ત્યારે નેશનલ હાઈવે ના કોન્ટ્રાક્ટરને આ માટી કેમ આપવામાં આવે છે એવા અનેક સવાલો આજે સ્થાનીકો કરી રહ્યા છે શું કોઈ ભ્રષ્ટાચારની સુવાસ આવી રહી છે એ તો વધુ પડતી તપાસ હાથ ધરવામાં આવે તો જ બહાર આવી શકે એમ છે

# દાહોદમાં મતગણતરી : “નો વ્હીકલ ઝોન” ટ્રાફિક નિયમન માટે ખાસ વ્યવસ્થા

(પ્રતિનિધિ) દાહોદ, તા.28

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી અંતર્ગત તા. 28 એપ્રિલ 2026ના રોજ યોજાનારી મતગણતરીને ધ્યાનમાં રાખીને દાહોદ શહેરમાં ટ્રાફિક વ્યવસ્થાને સુગમ બનાવવા માટે જિલ્લા તંત્ર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દાહોદ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-1951ની કલમ 33(1)(ખ) તથા અન્ય લાગુ જોગવાઈઓ હેઠળ હુકમ બહાર પાડવામાં આવ્યો છે કે, દાહોદ ટાઉન બી ડિવિઝન પોલીસ સ્ટેશન તરફ જવાના ત્રણ રસ્તાથી સમીર હઠીલાના દવાખાના સુધીનો વિસ્તાર “નો વ્હીકલ ઝોન” તરીકે જાહેર કરવામાં આવે છે. આ વિસ્તારમાં સામાન્ય વાહન વ્યવહાર પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. મતગણતરી દરમિયાન મોટી સંખ્યામાં લોકો એકત્રિત થવાની શક્યતા હોવાને કારણે સામાન્ય જનતાને ટ્રાફિકની સમસ્યાઓ ન પડે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રતિબંધમાંથી પોલીસ, સુરક્ષા દળોના વાહનો, એમ્બ્યુલન્સ તેમજ આપતકાલીન સેવાઓ સાથે સંકળાયેલા વાહનોને મુક્તિ આપવામાં આવી છે. ઉપરાંત ગર્ભવતી સ્ત્રીઓ, ગંભીર રીતે બીમાર વ્યક્તિઓને લઈ જતા વાહનો તથા સરકારી ફરજ પર રહેલા અધિકારીઓ-કર્મચારીઓના વાહનોને પણ છૂટ આપવામાં આવશે. આ હુકમનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 223 તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ 131 મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# સિંગવડના તારમી ગામે ગાંડી રોકી અને લૂંટ કરનાર ટોળકીના બે આરોપી ઝડપાયા

**ચાર ઇસમો સાથે મારપીટ કરી મોબાઇલ તોડી નાખ્યા અને આર્થિક નુકસાન પણ પહોચાડ્યુ**

(પ્રતિનિધિ) દાહોદ, તા.27

સીંગવડ તાલુકાના તારમી છાપરી ગામે ત્યાંનાજ સ્થાનિક લૂંટારુ ટોળકી ઝડપાઈ રાત્રે વાહનો રોકી અને લૂંટવાનો પ્રયત્ન કરનાર હાંડી ગામના (1) તાજસિંગ દલા બારીયા (2) હુકલા ફૂલા બારીયા (3) રસિક પુના ડામોર (4) પર્વત દલા બારીયા નામના આરોપીઓ રાત્રી ના સમયે મુકુંદભાઈ મછાર મહેશ ભાઈ બારીયા મહેન્દ્રભાઈ પટેલ તેમજ શૈલેષભાઈ ભુરીયા ચારે મિત્રો તેમની પોતાની સ્કોર્પિઓ ગાંડી લઈને રાત્રીના સમયે તેમના કામ માટે જતા હોય એ સમયે અંધારાનો લાભ લઈને આ લૂંટારુ ગેંગ ના માણસો તેમની ગાંડી GJ 01 wm 0978 તેમજ અન્ય એક ગાંડી GJ20 CA 8057 નંબર ની ગાંડી આગળ પાછળ રાખી ને સ્કોર્પિઓ ગાડીને રોકીને લૂંટારુ ટોળકીના માણસો મારક હથિયાર સાથે ઉતરી આવી ને મારો કાપો ની બૂમો પાડી ને સ્કોર્પિઓ ગાંડી માં સવાર ચારે મિત્રોને માર મારી અમારા મોબાઈલ તોડી નાખી અને માર મારેલ અમે ઘબરાઈ જઈ ને ગાંડી નીચે ઉતરી બુમાબુમ કરતા આ ટોળકી પણ તેમની બંને ગાંડી લઈને ફરાર થઈ ગયેલ આ ટોળકીના માણસો સ્થળ છોડતાં પેલા અમને ધમકી આપેલ કે આ બાબતે કોઈ ફરિયાદ કરશો તો અમે તમને જાનથી મારી નાંખીશુ આ લોકોએ અમારી સ્કોર્પિઓ ગાડીના કાચ તોડી અમને માર મારેલ જે બાબત ની ફરિયાદ સીંગવડ પોલીસ સ્ટેશન માં નોંધાવી સીંગવડ પોલીસ દવારા બે આરોપીને પકડી આગળની તપાસ હાથ ધરેલ છે ચાર આરોપી પૈકી તાજસિંગ દલા બારીયા અને પર્વત દલા બારીયા બંને આરોપીને સીંગવડ પોલીસે પકડી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

## લીમખેડાના હાથીધરામાં વરરાજા જાન સાથે મતદાન મથકે પહોંચી ગયા



**દાહોદ :** લીમખેડા ના હાથીધરા ગામના ચિરાગ ભાઈ મનુ ભાઈ રાવત ના ભાઈ વિનેશ રાવત ગામના સમાજ સેવક હોય તેમજ દીપિકા બેન રાવત હાથીધરા ગામ ના સરપંચ હોય જેથી એક તરફ રાષ્ટ્ર પ્રેમ અને બીજી તરફ ભત્રીજા ચિરાગ ની જાન બંને જવાબદારી આવી પડતા તેમણે બંને જવાબદારી ને સફળતા પૂર્વક નિભાવી અને પોતાની કૌટુબિક જવાબદારી તેમજ રાજકીય જવાબદારી નિભાવી અને એક સફળ મહિલા તરીકે ઊગી આવ્યા વર પક્ષ તેમજ કન્યા પક્ષના આગેવાનો ને પણ આ મહિલા સરપંચ ની સુઝબુઝ ઉપર ગૌરવ થયું જેથી બંને પક્ષો રાજી ખુશી થી જાન મોડી અને પેલા મતદાન નો નિર્ણય માન્ય રાખ્યો અને સૌ જાનૈયાઓ વરરાજા સાથે હાથીધરા પ્રાથમિક શાળામાં મતદાન કરીને પછી મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના મોટા ઘરોળા ગામે કન્યા સીમાના ઘરે જવા રવાના થઈ

**જાહેરનામાના ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે**

# મતગણતરી કેન્દ્રોની 100 મીટરની મર્યાદામાં ઈલેક્ટ્રોનિક ઉપકરણોના વપરાશ પર પ્રતિબંધ

(પ્રતિનિધિ) ગોધરા, તા.27

પંચમહાલ જિલ્લામાં 'સ્થાનિક સ્વરાજની ચૂંટણી-૨૦૨૬' અંતર્ગત વિવિધ નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતોની મતગણતરી માટેના સ્થળોની જાહેરાત કરવામાં આવી છે. જે અન્વયે ગોધરા નગરપાલિકાની સરકારી ઈજનેરી કોલેજ, છબનપુર (ગોધરા).,શહેરા નગરપાલિકાની તાલુકા સેવા સદન, શહેરા ખાતે,ગોધરા તાલુકાની સરકારી પોલિટેકનિક કોલેજ, ગદુકપુર ખાતે,શહેરા તાલુકાની મોડેલ સ્કૂલ, કાંકરી ખાતે,મોરવા (હડફ) તાલુકાની સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, મોરવા (હડફ) ખાતે,હાલોલ તાલુકાની શ્રીમતી એમ. એન્ડ વી. આર્ટ્સ કોલેજ, હાલોલ ખાતે,કાલોલ તાલુકાની એમ. એમ. ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સ્ટેશન રોડ, કાલોલ ખાતે,ઘોઘંબા તાલુકાની શ્રી એસ. એચ. વરીયા હાઈસ્કૂલ, ઘોઘંબા ખાતે,જાંબુઘોડા તાલુકાની સરકારી આઈ.ટી.આઈ., ખરેડીવાવ, ફ્યુચર લિંક સ્કૂલની બાજુમાં (ઝંડ હનુમાન રોડ) ખાતે મતગણતરી હાથ ધરવામાં આવશે. મતગણતરી અનુસંધાનમાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા જાહેરનામા અનુસાર, તારીખ ૨૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ સવારના ૭:૦૦ કલાકથી ચૂંટણીના અંતિમ પરિણામો જાહેર ન થાય ત્યાં સુધી, નિયત કરેલા તમામ મતગણતરી કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિ લેપટોપ, કોમ્પ્યુટર, મોબાઈલ ફોન કે અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જઈ શકશે નહીં કે તેનો ઉપયોગ કરી શકશે નહીં.

# ગરબાડા તાલુકામાં ચૂંટણીનો ખરાખરીનો જંગ પૂર્ણ, આજે મતગણતરી થશે

(પ્રતિનિધિ) કવાંટ, તા.27

ગરબાડા તાલુકા પંચાયતની ૨૪ બેઠકો અને જિલ્લા પંચાયતની ૫ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં મતદારોએ ભારે ઉત્સાહ બતાવ્યો છે. વહીવટી તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, સમગ્ર તાલુકામાં સરેરાશ ૬૪.૯૯% જેટલું મતદાન નોંધાયું છે. જેમાં સૌથી વધુ મતદાન ગુલબાર બેઠક પર અને સૌથી ઓછું મતદાન ગરબાડા-૨ બેઠક પર જોવા મળ્યું છે. આંકડાઓનું વિશ્લેષણ કરતા માલુમ પડે છે કે ગુલબાર, નઢેલાવ-૧ અને ગાંગરડા જેવી બેઠકો પર મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો, જ્યાં મતદાનનો આંકડો ૭૦% ને પાર કરી ગયો છે.

**થયેલા મતદાનની વિગતવાર આંકડાકીય માહિતી**

તાલુકાની તમામ 24 બેઠકો પર થયેલા મતદાનની વિગતો નીચે મુજબ છે:
સૌથી વધુ મતદાન ધરાવતી સીટ: વોર્ડ નં. 12 - ગુલબાર (72.58%)
સૌથી ઓછું મતદાન ધરાવતી સીટ: વોર્ડ નં. 10 - ગરબાડા-2 (58.26%)

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | આંબલી | 59.14% | 14. | માતવા: | 61.38% |
| 2 | અબ્લોડ-૧: | 67.64% | 15. | મીનાક્યાર: | 68.8% |
| 3. | અબ્લોડ-૨: | 66.26% | 16. | નઢેલાવ-૧: | 70.79% |
| 4 | ભરસાડા: | 66.2% | 17. | નઢેલાવ-૨: | 64.3% |
| 5. | ભે: | 68.79% | 18. | નળવાઈ: | 64.5% |
| 6. | બોરીયાલા: | 62.00% | 19. | પાંચલ: | 61.17% |
| 7. | દેવધા: | 65.66% | 20. | પાટીયા: | 69.01% |
| ૮. | ગાંગરડા: | 70.4% | 21. | સીમાલીયાબુઝર્ગ: | 67.45% |
| ૯. | ગરબાડા-૧: | 65.52% | 22. | ટુંકીપુજ: | 63.17% |
| 11. | ગરબાડા-૩: | 59.07% | 23. | ઝરીબુઝર્ગ-૧: | 70.01% |
| 13. | જેસાવાડા: | 61.2% | 24. | ઝરીબુઝર્ગ-૨: | 66.56% |

જ્યારે ગરબાડા વિસ્તારની બેઠકો પર મતદાનની ટકાવારી થોડી નીચી રહી છે. ગરબાડા તાલુકાની ૨૪ બેઠકો પર થયેલું આ જંગી મતદાન આગામી પરિણામોમાં નિર્ણાયક સાબિત થશે.

**ગામમાં આટલી મોટી ચોરીનો બનાવ બનતા લોકોમાં ભયની લાગણી ફેલાઇ ગઇ છે**

# દેલોલના બંધ મકાનમાંથી સોના ઘરેણાં રોકડ મળી રૂ.1.98 લાખની ચોરી કરી તસ્કરો ફરાર

**પોલીસે અજાણ્યા ચોર ઇસમો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

(પ્રતિનિધિ) કાલોલ, તા.28

દેલોલ ભટવાડા ગામે જીનેન્દ્રભાઈ બાબુભાઈ કનોજીયા ના બંધ મકાન ને અજાણ્યા ચોર એ નિશાન બનાવી મકાન માંથી સોના ઘરેણાં કિંમત રૂ ૧ ૯૮૧૭૦/ ની ચોરી કરી ફરાર થતા અજાણ્યા તસ્કરો સામે કાલોલ પોલીસ મથકે નોંધાઈ છે ફરિયાદી જીનેન્દ્રભાઈ બાબુભાઈ કનોજીયા પોતાની પત્નીને ગર્ભાશયનુ ઓપરેશન કરવાનુ હોવાથી તા ૧૨/૦૪/૨૦૨૬ ના રોજ થી તા ૨૧/૦૪/૨૦૨૬ સુધી મકાન ને તાળુ મારી વડોદરા ખાતે દાખલ કરેલ અને પત્નીનું ઓપરેશન થયા બાદ તા ૧૫/૦૪/૨૦૨૬ ના રોજ દવાખાનામાથી રજા આપતા ફરિયાદી પત્નીને લઇ તેઓના ભાઇના ઘરે રોકાયેલ હતા. અને ત્યાથી ખાનગી નોકરી એ જવા માટે અપડાઉન કરતા હતા અને ગઈ તા ૨૧/૦૪/૨૦૨૬ ના રોજ ફરિયાદી નોકરી ઉપર હતા ત્યારે આશરે બારેક વાગ્યાની આસ પાસ તેઓની પત્નીનો ફોન આવેલ અને તેઓએ જણાવેલ કે, આપણા ઘરની સામે રહેતા પારૂલબેન ભટ્ટ નાઓનો ફોન આવેલ અને તેઓએ વાત કરેલ છે કે, તમારા ઘરનું તાળુ તુટેલ છે અને દરવાજો ખુલ્લો છે તમો ઘરે આવો તેવી વાત કરેલ જેથી ફરિયાદી કંપનીમાંથી રજા લઈ દેલોલ ખાતે પાંચેક વાગ્યાની આસપાસ પહોંચતા ત્યા પત્ની તથા તેઓના ભાઈ નિતિનભાઇ હાજર હોય જેથી તેઓએ જોયેલ તો તેઓના ઘરના આગળના લોખંડના દરવાજો ખુલ્લો હતો અને તેની પાછળ બીજો લાકડાનો દરવાજાને ને મારેલ તાળું તોડી નાખેલ હોવાથી નકુચો વળી ગયેલ અને અંદરના લોક પણ તુટેલ હોય જેથી તેઓએ મકાનમાં પ્રવેશ કરી ખાત્રી તપાસ કરતા ઘરમાં નિચેના માળના રૂમોમા જોતા લાકડના બેડ ઉપર એક લોખંડની નરાશ મુકેલ હતી, તેમજ મંદિર સામે કબાટ મુકેલ હોય જે જોતા તેનો દરવાજો ખુલ્લો હતો. અને મંદીરમા મુકી રાખેલ મુર્તીઓ જે તે હાલતમા હતી. જે પછી ઉપરના પ્રથમ માળે જઈ તપાસ કરતા એક રૂમમા બે તિજોરી હતી જે બન્ને તિજોરીના દરવાજા તુટેલ ખુલ્લી હાલતમાં હતા અને તેમા મુકી રાખેલ સર સામાન જેમનો તેમ હતો પરંતુ તેના અંદરના લોકરો ખુ લ્લા હતા. જે રૂમની બાજુમા બીજો એક રૂમ આવેલ જેમા પણ એક તિજોરી હતી જેમાનો બધો સર સામાન બહાર ખુલ્લી હાલાતમાં પડેલ હતો.

# મતગણતરી કેન્દ્રોની ૧૦૦ મીટરની મર્યાદામાં મોબાઈલ, લેપટોપ અને ઈલેક્ટ્રોનિક ઉપકરણોના વપરાશ પર પ્રતિબંધ

(પ્રતિનિધિ) ગોધરા, તા.28

પંચમહાલ જિલ્લામાં 'સ્થાનિક સ્વરાજની ચૂંટણી-૨૦૨૬' અંતર્ગત વિવિધ નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતોની મતગણતરી માટેના સ્થળોની જાહેરાત કરવામાં આવી છે. જે અન્વયે ગોધરા નગરપાલિકાની સરકારી ઈજનેરી કોલેજ, છબનપુર (ગોધરા).,શહેરા નગરપાલિકાની તાલુકા સેવા સદન, શહેરા ખાતે,ગોધરા તાલુકાની સરકારી પોલિટેકનિક કોલેજ, ગદુકપુર ખાતે,શહેરા તાલુકાની મોડેલ સ્કૂલ, કાંકરી ખાતે,મોરવા (હડફ) તાલુકાની સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, મોરવા (હડફ) ખાતે,હાલોલ તાલુકાની શ્રીમતી એમ. એન્ડ વી. આર્ટ્સ કોલેજ, હાલોલ ખાતે,કાલોલ તાલુકાની એમ. એમ. ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સ્ટેશન રોડ, કાલોલ ખાતે,ઘોઘંબા તાલુકાની એસ. એચ. વરીયા હાઈસ્કૂલ, ઘોઘંબા ખાતે, જાંબુઘોડા તાલુકાની સરકારી આઈ.ટી. આઈ., ખરેડીવાવ, ફ્યુચર લિંક સ્કૂલની બાજુમાં (ઝંડ હનુમાન રોડ) ખાતે મતગણતરી હાથ ધરવામાં આવશે. મતગણતરી અનુસંધાનમાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા જાહેરનામા અનુસાર, તારીખ ૨૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ સવારના ૭:૦૦ કલાકથી ચૂંટણીના અંતિમ પરિણામો જાહેર ન થાય ત્યાં સુધી, નિયત કરેલા તમામ મતગણતરી કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિ લેપટોપ, કોમ્પ્યુટર, મોબાઈલ ફોન કે અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જઈ શકશે નહીં તેવુ જાહેરનામુ બહાર પડાયુ છે.

**જાહેર હરાજી**

આથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે પ્રાથમિક શાળા કપરૂપુર ખાતે નીચે જણાવેલ સ્થળે અને સમયે શાળાના બે (2) પતરા વાળા ઓરડા ઉતારવાની જાહેર હરાજી રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા ઈસમોએ જણાવેલ સ્થળે અને સમયે હાજર રહેવા જણાવવામાં આવે છે.

નોંધ હરાજીમાં ભાગ લેવા રૂા.5000/- ડિપોઝિટ રાખવામાં આવેલ છે. હરાજીની શરતો તથા નિયમો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.હરાજીમાં ભાગ લેનાર વહેપારીઓ સરકાર માન્ય ઓળખ કાર્ડ સાથે લઈને આવવું.

સ્થળ: કપરૂપુર પ્રાથમિક શાળા સમયે તા. મહુધા,જિ.ખેડા તા.30/04/2026 ગુરુવાર સમય : સવારે 08:30 કલાકે.

**મુખ્ય શિક્ષક તથા S.M.C સમિતી**
પ્રા.શાળા કપરૂપુર, તા. મહુધા, જિ.ખેડા